# <u>ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા</u>

## SC/ST/OBC/PH સ્કોલરશીપના ફોર્મ ભરવા માટે અગત્યની સૂચના (ડિઝિટલ ગુજરાત)

## (ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાયનાન્સ)

– વિદ્યાર્થીઓએ કોલેજમાં લગાવેલ નોટીસ બોર્ડ ઉપર લગાવેલ સૂચનાઓ વાંચીને જ પોતાને લાગુ પડતી સ્કોલરશીપનું ફોર્મ ભરવું.

– અગાઉ વર્ષ ૨૦૨૦–૨૧ માં જે વિદ્યાર્થીઓએ ડીજીટલ ગુજરાતમાં ઓનલાઈન સ્કોલરશીપનું ફોર્મ ભરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે. **(અગાઉ ઓનલાઈન કરેલ ફોર્મમાં જે મોબાઈલ નંબર દર્શાવેલ છે તે કોઈ કારણસર ખોવાઈ ગયેલ હોય અથવા બંધ થઈ ગયેલ હોય તો તેવા SC / ST / OBC જાતિના વિદ્યાર્થીઓએ SC / ST / OBC કચેરી પાલનપુરનો સંપર્ક કરી પોતાનો નવો નંબર અપડેટ કરાવવાનો રહેશે અને ત્યારબાદ જ રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે.)**

– જે વિદ્યાર્થીઓએ સેમ–૧ માં નવું એડમિશન લીધેલ હોય અથવા અગાઉ ફોર્મ ભરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ ફોર્મ ભરવાનું રહેશે.

– કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારની સ્કોલરશીપનું કોઈપણ એક જ યોજનામાં ફોર્મ ભરવાનું રહેશે. અન્ય બીજી યોજનામાં સ્કોલરશીપનું ફોર્મ ભરેલ હશે તેવા વિદ્યાર્થીઓના સ્કોલરશીપના તમામ ફોર્મ રદ કરવામાં આવશે.

– **OBC** કચેરી, પાલનપુરની સૂચના મુજબ સેમ–૩ અને સેમ–૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓ સેમ–૨ અને સેમ–૪ માં પાસ છે તેવા જ વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકશે. **<u>નાપાસ વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવા નહિ.</u>**

– ચાલુ વર્ષે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, પાલનપુરની સુચના મુજબ બી.એ. / બી.કોમ. તથા એમ.એ. / એમ.કોમ. સેલ્ફ ફાયનાન્સમાં

અભ્યાસ કરતા બક્ષીપંચ જાતિના ભાઈઓની **BCK-81A** યોજના બંધ કરેલ છે. તેથી સેલ્ફ ફાયનાન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બીજી કોઈ યોજના સરકાર દ્વારા જાહેર કરવામાં ના આવે ત્યારસુધી ડિઝિટલ ગુજરાતમાં સ્કોલરશીપનું ફોર્મ ભરવું નહિ. સેલ્ફ ફાયનાન્સમાં અભ્યાસ કરતી બહેનો માટે **BCK-78** યોજના છે, તેમાં ફોર્મ ભરી શકશે.

– સેલ્ફ ફાયનાન્સમાં અભ્યાસ કરતા **અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ** તેમને લાગુ પડતી યોજનામાં ફોર્મ ભરી શકશે.

– **વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરાવતી વખતે તમારી જાતે જ વિગતો ચકાસીને ફોર્મ ભરાવવું.**

– દિવ્યાંગ (અપંગ) વિદ્યાર્થીઓએ **Disable Scholarship** ફોર્મ ભરવાનું રહેશે.

– આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓની યોજના **Dr.Ambedkar Post Metric Scholarship** ચાલુ વર્ષથી બંધ કરવામાં આવેલ છે.

– ઓનલાઈન ફોર્મ ભરીને સમયસર કોલેજમાં જમા કરાવવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

– સ્કોલરશીપ ફોર્મ જમા કરાવવા માટે નોટીસમાં દર્શાવેલ સમય અને તારીખ મુજબ આવવાનું રહેશે.

– **NSP** યોજનાનું ફોર્મ ભરેલ હશે તેવા વિદ્યાર્થીઓનું ડિઝિટલ ગુજરાત સ્કોલરશીપ યોજનાનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

**ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા**

# ઓનલાઈન સ્કોલરશીપના ફોર્મ ભરતા વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણેની તારીખો ફોર્મમાં ઉમેરવી

## (ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાયનાન્સ તમામ વિદ્યાર્થીઓ)

### ફ્રેશ વિદ્યાર્થીઓ – (સેમ–૧ માટે)

**પ્રવેશ તારીખ** : ફી ભર્યાની પાવતીમાં દર્શાવેલ તારીખ

**સત્ર પૂર્ણ થવાની તારીખ** : ૩૦/૦૪/૨૦૨૨

### રીન્યુઅલ વિદ્યાર્થીઓ – (સેમ–૩ અથવા ૫ માટે)

**પ્રવેશ તારીખ** : ૦૭/૦૬/૨૦૨૧

**સત્ર પૂર્ણ થવાની તારીખ** : ૩૦/૦૪/૨૦૨૨

**નોંધ :** ફોર્મમાં દર્શાવવાની ફીની વિગત તથા ઓનલાઈન તથા ફોર્મ સાથે જોડવાના ડોકયુમેન્ટની વિગતવાર નોટીસ નોટીસબોર્ડ ઉપર લગાવેલ છે.

– ઓનલાઈન ભરેલ ફોર્મની બે નકલ કોલેજમાં જમા કરાવવાની રહેશે.

– તમામ ડોકયુમેન્ટ ઓરીજનલ વંચાય તેવા અપલોડ કરવાના રહેશે.

<u>ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા</u>

# શિષ્યવૃત્તિનું ઓનલાઈન ફોર્મ ભરી નીચે મુજબના તમામ પ્રમાણપત્રોની સ્વ–પ્રમાણિત નકલો જોડવાની રહેશે.

- શાળા છોડયાનું પ્રમાણપત્ર.
- ધો.૧૦, ૧૨ ની પાસ કર્યાની માર્કશીટ. (સેમ–૧ માટે)
- છેલ્લે પાસ કરેલ સેમેસ્ટરની માર્કશીટ.(સેમ–૩, ૫ માટે)
- ફીની પાવતી (હાલ જે સેમેસ્ટરમાં ભણતા હોય તે)
- આધારકાર્ડ
- જાતિનો દાખલો
- આવકનો દાખલો (૦૧/૦૪/૨૦૧૯ પછીનો સક્ષમ અધિકારીનો)
- જે વિદ્યાર્થીના પિતા સરકારી નોકરી કરતા હોય તેમણે ફોર્મ નં.૧૬ જોડવું.
- વિદ્યાર્થીના પિતા હયાત ના હોય તેમણે મરણના દાખલાની નકલ જોડવાની તેમજ ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.
- બેંક/પોસ્ટ ખાતાની પાસબુક. (કોઈપણ બેંક ચાલશે)
- બોનાફાઈડ સર્ટીફીકેટ. (ફકત સેમ–૧ ના વિદ્યાર્થીઓ માટે)
- સેમ–૩ અને સેમ–૫ ના વિદ્યાર્થીઓ માટે આઈકાર્ડની નકલ.
- ગેપ હોય તો તે અંગેનું સોગંદનામું.
- દિવ્યાંગ હોય તો તે અંગેનું મેડીકલ ઓફિસરનું સર્ટીફીકેટ.

## ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

# ઓનલાઈન સ્કોલરશીપના ફોર્મ સ્વીકારવાની તારીખ અને સમય

---

(ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાયનાન્સ તમામ વિદ્યાર્થીઓ)

## :: ઓનલાઈન ફોર્મ સ્વીકારવાની તારીખ ::

**બી.એ./બી.કોમ./એમ.એ./એમ.કોમ. સેમ–૩ અને ૫**

**સેમ–૨/૪ની માર્કશીટ આવ્યા પછી ફોર્મ ભરીને જમા કરાવવા**

**બી.એ./બી.કોમ./એમ.એ./એમ.કોમ. સેમ–૧**

**૨૦/૧૦/૨૦૨૧ થી ૧૫/૧૧/૨૦૨૧**

---

## :: ફોર્મ સ્વીકારવાનો સમય ::

**સવારે : ૦૯:૦૦ થી ૧૧:૦૦**

સેલ્ફ ફાયનાન્સના બક્ષીપંચ જાતિના વિદ્યાર્થી બહેનોએ બીસીકે–૭૮ ફોર્મ ભરવાનું રહેશે.

ચાલુ વર્ષે સેલ્ફ ફાયનાન્સ ભાઈઓ માટે કેન્દ્ર સરકારની યોજના બીસીકે–૮૧એ બંધ કરેલ છે. નવી યોજના આવશે તો એની જાણ કરવામાં આવશે

સેલ્ફ ફાયનાન્સ તથા એમ.એ./એ.કોમ. ના વિદ્યાર્થીઓએ અશોકભાઈ પ્રજાપતિ પાસે ફોર્મ જમા કરાવવાનું રહેશે.